પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૭૨, કુલ પાના:૪, તારીખ: ૧૩-૧૧-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 72 PRICE :-RS. 1.50 DATE : 13-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રોજગારી ઊભી કરવા આત્મનિર્ભર ભારત રોજગાર યોજના લોન્ચ કરાઈ

# મોદી સરકારના આત્મનિર્ભર ભારત ૩.૦નું એલાન

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના પગલે દેશ સહિત વિશ્વભરનું અર્થતંત્ર બગડી ગયું છે. તમામ દેશોની ગાડી પાટા પરથી નીચે ઉતરી ગઈ છે. વિવિધ દેશો વિવિધ યોજનાઓ અને રાહત પેકેજના પગલે ફરી તંત્રને ઉભુ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે ભારત પણ જલદીથી બેઠું થઈ રહ્યું છે તેવી આશા અને વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા દરેક ક્ષેત્રમાં લોકોને મુશ્કેલી ન પડે અને સહાયતા મળી રહે તે હેતુથી વિવિધ યોજનાઓ અને રાહક પેકેજની જાહેરાત કરવામાં આવી



રહી છે. ત્યારે આજે મોદી સરકારે દેશભરના લોકોને ફરી એક મોટી દિવાળીની ભેટ આપી છે.

કોરોના સંકટમાં પાટા પરથી ઉતરી ગયેલી અર્થવ્યવસ્થાને ફરીથી દોડતી કરતાં માટે મોદી સરકારે વધુ એક રાહત પેકેજની જાહેરાત કરી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણએ આત્મનિર્ભર ભારત ૩.૦ની જાહેરાત કરી છે, જેમાં ૧૨ જાહેરાતો કરવામાં આવી છે. જેમાં આત્મભારત ભારત રોજગાર યોજના લૉન્ચ કરી છે તેને ૧ ઓકટોબરથી લાગુ થશે જેની અવધિ બે વર્ષની હશે. આત્મનિર્ભર ભારત યોજનાની શરૂઆત કરવામાં આવી છે જે થી રોજગારનું નિર્માણ થઈ શકે. નાણા મંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, અર્થવ્યવસ્થામાં સુધારના સંકેત જોવા મળી રહ્યા છે. આત્મનિર્ભર ભારત ૩.૦ હેઠળ ૧૨ યોજનાઓની વિગતો રજૂ કર્યા બાદ નાણા મંત્રીએ જણાવ્યું કે, આત્મનિર્ભર ભારત ૩.૦ હેઠળ કુલ ૨.૬૫ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ રકમ ભારતના જીડીપીના ૧૫ ટકા જેટલી છે.

(અનુ.પાના.નં.૨)

### યોજનાનો લક્ષ્ય છે કે વધુમાં વધુ કર્મચારી EPFO સાથે જોડાય

આત્મનિર્ભર ભારત રોજગાર યોજનાઆ યોજનાનો લક્ષ્ય છે કે વધુમાં વધુ કર્મચારી ઈપીએફઓ સાથે જોડાય અને પીએફનો ફાયદો લે. આવા કર્મચારી જે પહેલા પીએફ માટે રજિસ્ટર્ડ નહોતા અને તેમની આવક ૧૫ હજારથી ઓછી છે તો તેમને આ યોજનાનો લાભ મળશે. જે લોકો ઓગસ્ટથી સપ્ટેમ્બર સુધી નોકરીમાં નહોતા, પરંતુ ત્યારબાદ પીએફથી જોડાયેલા છે તેમને પણ આનો લાભ મળશે. આ યોજના ૩૦ જૂન ૨૦૨૧ સુધી લાગુ રહેશે.

### હાઉસિંગ સેક્ટર

હાઉસિંગના ક્ષેત્રમાં વધુ એક મોટી જાહેરાત કરવામાં આવી છે. હવે ઘર બનાવનાર અને ઘરીદનાર બંનેને ફાયદો થશે. મોટાભાગે જોવા મળે છે કે સર્કલ રેટ અને એગ્રીમેન્ટ વેલ્યૂમાં અંતર આવે છે, ઈનકમ ટેક્સ એક્ટમાં ૧૦ ટકાની જ જોગવાઈ કરવામાં આવી છે. મોટાભાગના લોકો પહેલીવાર ઘરીદતાં ૧૦ ટકાની છૂટ હતી અને તેને વધારીને ૨૦ ટકા કરી દેવામાં આવી છે. એટલે કે જો ક્યાંય પ્રોપર્ટીનો ભાવ ઘટી ગયો છે પરંતુ સર્કલ રેટ વધુ છે તો ત્યાં તેનો ફાયદો થશે. પરંતુ આ ફક્ત ૨ કરોડ રૂપિયા સુધી કિંમતના ઘર માટે જ છે. આ સ્કીમ પન ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લાગૂ રહેશે.

### કર્મચારીઓને PFના પૂરા ૨૪ ટકા હિસ્સો સબ્સિડીના રૂપમાં આપશે


સરકાર બે વર્ષ સુધી ૧૦૦૦ની સંખ્યાવાળા કર્મચારીઓવાળી સંસ્થાઓને નવી ભરતીવાળા કર્મચારીઓને પીએફના પૂરા ૨૪ ટકા હિસ્સો સબ્સિડીના રૂપમાં આપશે. તે ૧ ઓક્ટોબર ૨૦૨૦થી લાગુ તશે. ૧૦૦૦થી વધુ કર્મચારીઓ વાળી સંસ્થામાં નવા કર્મચારીના ૧૨ ટકા પીએફ યોગદાન માટે સરકાર બે વર્ષ સુધી સબ્સિડી આપશે. તેમાં લગભગ ૯૫ ટકા સંસ્થાન આવી જશે અને કરોડો કર્મચારીઓને ફાયદો થશે.

## અમેરિકામાં ટ્રમ્પ બળવાની તૈયારીમાં? રાતોરાત પેન્ટાગોનના ટોચના અધિકારીમાં મોટા ફેરફાર

વોશિંગ્ટન,

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં પરાજિત થયા હોવા છતાં હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાર માનવા તૈયાર નથી. એક અહેવાલ મુજબ એ કોઈ પણ રીતે તખ્તાપલટની તૈયારી કરી રહ્યા હતા. ટ્રમ્પે પેન્ટાગોનમાં કરેલા ફેરફારો એવું સૂચવી રહ્યા હતા કે ટ્રમ્પ સત્તા પર કોઈપણ ભોગે ટકી રહેવાની તૈયારી કરી રહ્યા હતા.

ટ્રમ્પની ભત્રીજીએ ટ્વીટર પર આવું બની રહ્યું હોવાનો અણસાર



પણ આપ્યો હતો. ટ્રમ્પના વફાદાર ઑફિસર્સને વિવિધ હોદ્દા પર ગોઠવવામાં આવી રહ્યા હતા અને વફાદારીની શંકા હોય એવા અધિકારીઓને ખસેડાઈ રહ્યા હતા. એનો આરંભ સોમવારે થયો હતો. સંરક્ષણ પ્રધાન માર્ક એસ્પરને સૌથી પહેલાં ખસેડવામાં આવ્યા હતા. એસ્પરના સ્થાને નેશનલ ટેરરીઝમ પ્રિવેન્શન ફોર્સના ડાયરેક્ટર ક્રિસ્ટોફર મિલરને ગોઠવવામાં આવ્યા હતા. ટ્રમ્પ હજુ પણ સતત એવા આક્ષેપ કરી રહ્યા હતા કે મતગણતરીમાં ગોલમાલ કરવામાં આવી હતી.જો બાઈડનની જીત અંગે ટ્રમ્પ સતત શંકા વ્યક્ત કરી રહ્યા હતા. ટ્રમ્પના આ અભિપ્રાયને વિદેશ પ્રધાન માઈક પોમ્પિયો સતત ટેકો આપી રહ્યા હતા. પોમ્પિયોએ કહ્યું હતું કે સત્તાનું હસ્તાંતરણ શાંતિપૂર્ણ રીતે થશે અને ટ્રમ્પ પોતાના બીજા શાસનનો શુભારંભ કરશે.

ટ્રમ્પની ભત્રીજી મેરી એલ ટ્રમ્પે ટ્વીટર પર લખ્યું હતું કે સતત સાવધ રહેજો. ટ્રમ્પ સત્તાપલટો કરી શકે છે. એ સહેલાઈથી સત્તા છોડશે નહીં. જો બાઈડન કાયદેસર રીતે જીત્યા હતા પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ એ હકીકત સ્વીકારવા તૈયાર નથી. એ બળવો કરી શકે છે. એમના દ્વારા લેવાઈ રહેલાં પગલાં પણ આ હકીકત સૂચવે છે.

## મુંબઈ ૨૬/૧૧ના હુમલામાં અમારા ૧૧ આતંકવાદીઓ સામેલ હતા: પાકિસ્તાનનું કબુલનામું

ઈસ્લામાબાદ,

મહાનગર મુંબઈમાં ૨૦૦૮ના નવેંબરની ૨૬મીએ થયેલો આતંકવાદી હુમલો પોતાની ધરતી પરથી થયો હતો એવો એકરાર પાકિસ્તાને પહેલીવાર કર્યો હતો અને પાકિસ્તાનની મોખરાની તપાસ સંસ્થા ફેડરલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સીએ આતંકવાદીઓની એક યાદી પ્રગટ કરી હતી જેમાં મુંબઈ પરના હુમલામાં સંડોવાયેલા આતંકવાદીઓનો પણ સમાવેશ થયો હતો.

એજન્સીએ જે આતંકવાદીઓનાં નામની યાદી



પ્રગટ કરી હતી એમને મોસ્ટ વોન્ટેડ ગણાવ્યા હતા. આ યાદીમાં લશ્કર એ તૈબાના ઘણા આતંકવાદીનો સમાવેશ છે જે મુંબઈ પરના હુમલા સાથે સીધી યા આડકતરી રીતે સંડોવાયા હતા. એવા આતંકવાદીઓમાં ઈફતીખાર અલી, મુહમ્મદ અમજદ ખાન, મુહમ્મદ ઉસ્માન,અબ્દુલ રહેમાન ઈત્યાદિનો સમાવેશ થયો હતો. મુંબઈ પરના હુમલા માટે બોટ, હથિયારો અને અન્ય સામગ્રી ખરીદનારા આતંકવાદીઓનાં નામ પણ આ યાદીમાં હતાં.

મુંબઈ પરના હુમલાનું આયોજન અને આર્થિક સહાય વગેરે પોતાને ત્યાંથી થયાં હોવાનું પણ પાકિસ્તાને સ્વીકાર્યું હતું.

દરિયા માર્ગે મુંબઈ પર થયેલા હુમલામાં ૧૬૦ દેશી વિદેશી લોકો માર્યા ગયા હતા. છત્રપતિ શિવાજી ટર્મિનસ (બોરીબંદર), ભાયખલા અને ગેટવે ઑફ ઈન્ડિયા નજીકની તાજમહાલ હૉટલ પર આતંકવાદીઓ ત્રાટક્યા હતા. માત્ર મુંબઈ નહીં, ઊરી, પુલવામા, પઠાણકોટ સહિત ડઝનબંધ સ્થળોએ આતંકવાદી હુમલા થયા હતા.

ભારતે એક કરતાં વધુ વખત પાકિસ્તાનને આ બાબતે પુરાવા આપ્યા હતા પરંતુ પાકિસ્તાને કદી પોતાના અપરાધો સ્વીકાર્યા નહોતા. આ પહેલીવાર પાકિસ્તાને એકરાર કર્યો હતો કે ભારત પર થયેલા આતંકવાદી હુમલાનું આયોજન અમારી ધરતી પરથી થયું હતું અને એની પાછળ થયેલો ખર્ચ પણ અમારા દ્વારા ઉપાડવામાં આવ્યો હતો.

## ઈતિહાસમાં પ્રથમ વખત ભારત આર્થિક મંદીમાં સપડાયું: RBIની કુબૂલાત

મુંબઈ,

ભારતીય રિઝર્વ બેંકના એક અધિકારીએ જણાવ્યું છે કે ચાલુ નાણાંકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં દેશની જીડીપી એક વર્ષ અગાઉની સરખામણીએ ૮.૬ ટકા ઘટવાનું અનુમાન છે. આ રીતે સતત બે ક્વાર્ટરમાં જીડીપી ઘટવાની સાથે દેશ પ્રથમ વખત મંદીમાં સપડાયો છે.

કોરોના રોગચાળા અને લોકડાઉનની અસરને કારણે પ્રથમ ક્વાર્ટરમાં ૨૩.૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીજા ક્વાર્ટરમાં જીડીપીના સત્તાવાર આંકડા જાહેર થાય નથી પરંતુ આરબીઆઈના રિસર્ચરોએ તાત્કાલિક પૂર્વાનુમાન રીતના ઉપયોગ થકી અનુમાન લગાવ્યું છે કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૮.૬ ટકા સુધીનો ઘટાડો રહી શકે છે. આ વાત આરબીઆઈના માસિક બુલેટિનમાં



પ્રકાશિત થઈ છે.

આરબીઆઈને અગાઉથી જ પૂર્વાનુમાન વ્યક્ત કર્યું છે કે ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન જીડીપીમાં ૯.૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. આરબીઆઈના રિસર્ચર પંકજ કુમાર દ્વારા તૈયાર કરવામાં આવેલ અધ્યયન નોંધમાં કહેવામાં આવ્યું છે કે ભારત ટેક્નિકલ રૂપથી ૨૦૨૦-૨૧ના પ્રથમ ક્વાર્ટર દરમિયાન પોતાના ઈતિહાસમાં પ્રથમ વખત આર્થિક મંદીમાં સપડાઈ ગયું છે. ઈકોનોમિક એક્ટિવિટી ઈન્ડેક્સ એટલે કે આર્થિક કામકાજનો સૂચકાંક શીર્ષક હેઠળ લખવામાં આવેલ લેખમાં કહેવામાં આવ્યુંછે કે સતત બીજા ક્વાર્ટરમાં આર્થિક ઘટાડો થવાનું અનુમાન છે.જોકે તેમાં એ પણ કહેવામાં આવ્યું છે કે પ્રવુતિઓ ધીમેધીમે સામાન્ય થવાની સાથે સાથે ઘટાડાનો દર પણ ઓછો થઈ રહ્યો છે અને સ્થિતિ સારી થવાની આશા છે.

### વડાપ્રધાન મોદીના કારણે પહેલી વાર ભારત આર્થિક મંદીમાં સપડાયુ: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે મોદી સરકાર પર અર્થતંત્રને મંદીમાં ધકેલવાનો આક્ષેપ કર્યો હતો. એકતરફ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમન બપોરે આર્થિક બૂસ્ટક ડોઝની જાહેરાત કરવાના છે તે પૂર્વે જ કોંગ્રેસે આ શાબ્દિક હુમલો કર્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓને પગલે દેશ ઈતિહાસમાં સૌપ્રથમ વખત આર્થિક મંદીમાં ધકેલાયો છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે, દેશ મંદી તરફ ધકેલાયો છે.

(અનુ.પાના.નં.૨)

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત

૫મો રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ



"ધનતેરસ"નો દિવસ આયુર્વેદ શાસ્ત્રના પ્રણેતા ભગવાન ધન્વન્તરીનો પ્રાગટ્ય દિવસ છે. જેને આપણે "રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ" તરીકે ઉજવીએ છીએ. આયુર્વેદ એ ભારતની પ્રાચીનતમ્ ચિકિત્સા પદ્ધતિ છે જેમાં સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું તથા બીમાર વ્યક્તિની સારવાર કરવી એ તેનું મુખ્ય પ્રયોજન છે. કોરોનાના ભયંકર સંક્રમણ સામે દેશ આખો એક થઈને ઝઝુમી રહ્યો છે ત્યારે આપણે પણ આપણી પરંપરાગત આયુર્વેદ પદ્ધતિને રોજીંદા જીવનમાં અપનાવીએ અને આપણી રોગ પ્રતિકારક શક્તિ મજબૂત કરીને કોરોના મહામારીથી બચીએ અને સ્વસ્થ રહીએ.

ગુજરાતના આયુષ વિભાગ દ્વારા કોરોના લોકડાઉનથી શરૂ કરીને અત્યાર સુધી ઘરે ઘરે જઈ ૧ કરોડ ૭૦ લાખ લોકોને આયુર્વેદ અમૃત પેય ઉકાળા, ૬૫ લાખ લોકોને સંશમની વટી અને ૫ કરોડ લોકોને આર્સેનિક આલ્બમ-30 પોટેન્સી હોમિયોપેથી દવા વિનામૂલ્યે પુરી પાડીને નાગરિકોની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે સઘન આયોજન કરવામાં આવ્યું. જેના કારણે લાખો લોકોની રોગ પ્રતિકારક શક્તિ વધી અને કોરોના સંક્રમણથી બચી શકવા માટે મદદ થઈ.

રાજ્યના આયુર્વેદિક દવાખાના/હોસ્પિટલોમાં આયુર્વેદિક સારવાર મેળવવા ઈચ્છતા તમામ નાગરિકોને વિનામૂલ્યે સારવાર/દવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. વિવિધ રોગોથી બચવા માટે માર્ગદર્શન પણ આપવામાં આવે છે. જેનો જરૂરીયાત પ્રમાણે લાભ લેવા સર્વે નાગરિકોને વિનંતી કરૂ છું.

શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....
ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મો.9737024962 / 7778024962

કરો સોના-ચાંદી અને ગ્રહોના નંગની મંગલમય ખરીદી
સૌથી વધુ પસંદગી,
ઓછા મેકીંગ ચાર્જ, સારી ગુણવત્તા
શ્રીનાથજી જ્વેલર્સ
ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯,
મો. ૯૪૨૮૬ ૮૩૯૩૬
દિવાળી ના શુભ પ્રસંગે
નવા દાગીના ની નવી ડિઝાઇન ખરીદવા



અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા

### મહીસાગર જિલ્લામાં ઇનોવેશન પાઇલોટ પ્રોજેક્ટ અંતર્ગત

# માતા યશોદા એવોર્ડ અને પોષણ રેસીપી બુકનો અનાવરણ કાર્યક્રમ યોજાયો



લુણાવાડા,

રાષ્ટ્રીય પોષણ અભિયાન સહિ પોષણ દેશ રોશનના મંત્ર સાથે નાના બાળકો,કિશોરીઓ અને મહિલાઓમાં કુપોષણની સમસ્યાને દૂર કરવા માટે જન આંદોલનનું નિર્માણ કરવા સાથે જન ભાગીદારીને પ્રોત્સાહન આપી રહ્યો છે ત્યારે મહીસાગર જિલ્લામાં ઈનોવેશન પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત લાભાર્થીઓને કીટ વિતરણ, માતા યશોદા એવોર્ડ અને પોષણ રેસીપી બુકનું અનાવરણ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન ખાંટના અદયક્ષસ્થાને સંતરામપુર તાલુકાના ગોઠીબ પ્રાથમિક શાળા ખાતે યોજાયો.

પ્રાસંગીક ઉદબોધનમાં સંતરામપુર ધારાસભ્યકુબેરભાઈ ડીંડોર, જિલ્લા કલેકટર આર.બી.બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ કુપોષણમાં ઘટાડો કરવામાં સરકારના સંકલીત બાળ વિકાસ વિભાગની યોજના હેઠળ પોષણ સંદર્ભે વિવિધ કાર્યક્રમોના માધ્યમથી સફળતા મળી રહી છે. મહાનુભાવોએ લોકભાગીદારી અને જનચેતના દ્વારા સૌના સહિયારો પ્રયાસ કરી કુપોષણ મુક્ત મહીસાગર બનાવવા પર ભાર મુક્યો હતો.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે મહીસાગર જિલ્લાના તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી બદલ માતા યશોદા એવોર્ડ અંતર્ગત ૧૨ આંગણવાડી કાર્યકરને રૂા.૨૧૦૦૦ અને ૧૨ તેડાગરને રૂા.૧૧,૦૦૦ નો પુરસ્કાર, મોમેન્ટો અને પ્રમાણપત્ર, રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત વાનગી સ્પર્ધામાં ૧૦ વિજેતાઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર વિતરણ તેમજ ઈનોવેશન પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સંતરામપુર ઘટક-૨ માં ૨૦૦૦ લાભાર્થીઓને ગોળ, ચણા, લોખંડની કઢાઇ, ડેસ્ટ્રોરેંન્જ સીરપ, સેનેટરી નેપકીનની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પોષણયુક્ત વાનગીઓ પુસ્તકનું મહાનુભાવોના હસ્તે પુસ્તક વિમોચન કરવામાં આવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, મહીસાગર જિલ્લાની કિશોરીઓ દ્વારા બનાવવામાં આવેલ વિવિધ પોષણ યુક્ત ૨૦ વાનગીઓ બનાવવાની સરળ રીતનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તક જિલ્લાની દરેક આંગણવાડીઓ ખાતે મુકવામાં આવશે. કાર્યક્રમ બાદ મહાનુભાવોએ કિશોરીઓ દ્વારા બનાવેલ વાનગીઓનું નિરીક્ષણ કરી સ્વાદ માણ્યો હતો.

આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ સમિતિ ચેરમેન ગંગાબેન પગી, બાંધકામ સમિતિ ચેરમેન પ્રકાશભાઈ કટારા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ભાભોર, પ્રાંત અધિકારી જાદવ, પ્રોગ્રામ ઓફિસર શિલ્પાબેન ડામોર, આર.સી.એચ. ચૌહાણ, ટી.એચ.ઓ ગોસાઇ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વાય.એચ.પટેલ, માંમલતદાર, તાલુકા વિકાસ અધિકારી, મુખ્યસેવિકાઓ, આંગણવાડી કાર્યકરો અને તેડાગર સહિત લાભાર્થી બહેનો ઉપસ્થિત રહી હતી.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૨-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૩૬૪ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લા માં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૬૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૭૭૧૫૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીજકટ હોસ્પિરટલ, લુણાવાડા, ૩૧ દર્દી હોમ આઈસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૧ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ મહીસાગર જિલ્લામાં વેગવંતો બન્યો પશુ નોંધણી કાર્યક્રમ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

વડાપ્રધાનના વરદ હસ્તે વર્ષ ૨૦૧૯-૨૦ માં સમગ્ર ભારત દેશમાં નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ (NADCP)નો ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ શુભારંભ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતને ખરવા મોવાસા રોગમુક્ત વિસ્તાર જાહેર કરવા અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ખરવા મોવાસાને નિયંત્રિત કરી, પશુપેદાશના આંતરરાષ્ટ્રીય બહોળું માર્કેટ મળી રહે અને પશુપાલકોની આવક બમણી કરવાનો છે. આ યોજનાના ખરવા મોવાસા રોગ અટકાવ અને નિયંત્રણના રસીકરણ અભિયાન અંતર્ગત મહીસાગર જીલ્લાના બધાજ પશુઓને ઈયર ટેગિંગ કરીને કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરેલ INAPH સોફ્ટવેર પર ડેટા એન્ટ્રી કરવાની કામગીરી દ્વારા પશુઓને પોતાની ઓળખ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ મહીસાગર જિલ્લામાં કાર્યરત પશુ નોંધણી કાર્યક્રમમાં લુણાવાડા તાલુકાના વેલણવાડા ઉમિયા ડેરી ખાતે મહીસાગર જિલ્લાના કલેક્ટર આર. બી. બારડ તથા જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી દ્વારા NADCP અંતર્ગત પશુઓને ઈયર ટેગિંગ તથા INAPH સોફ્ટવેર પર ડેટા એન્ટ્રી કરવાની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું તથા આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત હાલ મહીસાગર જીલ્લામાં ૭,૧૪,૧૧૧ પશુઓમાંથી અત્યારે હાલ ૨૬,૯૦૫ પશુઓને ઈયર ટેગિંગ કરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં આ કામગીરી જીલ્લામાં આવેલી પશુપાલન શાખાની જીલ્લા પંચાયત તથા સ્ટેટની ક્યેરીઓ અને જીલ્લામાં કાર્યરત દૂધ સંઘ - પંચમહાલ તથા અમુલના સહયોગથી જીલ્લાના તમામ પશુઓની નોંધણી પૂર્ણ કરવામાં આવશે એમ નાયબ પશુપાલન નિયામક ડો. એમ.જી.ચાવડાએ જણાવ્યું હતું. આ પ્રસંગે મદદનીશ પશુપાલન નિયામક ડો. કે.એમ.પંડિત, પશુચિકિત્સા અધિકારી ડો. જે. ડી. કંસારા તથા પશુપાલન શાખાના અન્ય અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં સુરતથી વધારે કોરોના કેસો, મહેસાણા, બનાસકાંઠા અને પાટણમાં સ્થિતિ ગંભીર



અમદાવાદ,

ગુજરાતમાં કોરોનાએ ફરી ઉથલો માર્યો છે અને છેલ્લાં ત્રણ દિવસમાં ફરી કેસોમાં ઉત્તરોત્તર વધારો નોંધાઇ રહ્યો છે. આજે કોરોનાનાં નવાં ૧૧૨૫ કેસ અને ૭ મોત નોંધાયા છે. હવે અમદાવાદમાં ફરી સુરતથી વધારે કેસો નોંધાઇ રહ્યા છે. આજે અમદાવાદમાં ૨૦૭ અને સુરતમાં ૧૮૪ કેસ નોંધાયા છે. હાલ સમગ્ર રાજયમાં ૧૨,૨૪૫ એક્ટિવ કેસ છે.

આજે અમદાવાદમાં ૨૦૭, સુરતમાં ૧૮૪, રાજકોટમાં ૧૩૪, વડોદરામાં ૧૩૦, મહેસાણામાં ૭૦, ગાંધીનગરમાં ૪૭, બનાસકાંઠામાં ૪૧, પાટણમાં ૩૮, જામનગરમાં ૩૮, સાબરકાંઠામાં ૨૩, મોરબીમાં ૨૨, સુરેન્દ્રનગરમાં ૨૦, ભરૂચમાં ૧૮, પંચમહાલમાં ૧૭ અને જૂનાગઢમાં ૧૭ કેસ નોંધાયા છે. મહેસાણા, બનાસકાંઠા અને પાટણમાં કેસોનો રાફડો ફાટવાના કારણે પરિરિસ્થિતિ ગંભીર બની છે. અહીં કોરોનાની સારવાર માટે પ્રમાણમાં ઓછી સગવડતા હોવાથી અહીંના દર્દીઓને સારવાર માટે અમદાવાદ કે ગાંધીનગરની હોસ્પિટલોનો આધાર રાખવો પડે છે.

છેલ્લાં ૨૪ કલાકમાં અમદાવાદમાં બે, રાજકોટમાં બે, સુરતમાં એક અને વડોદરામાં એક એમ કુલ ૭ કોરોના દર્દીઓના મોત થયાં છે. રાજકોટમાં કેસોની સંખ્યા વડોદરા કરતા પણ વધુ હોવાથી અહીં પણ કોરોનાએ ફરી ઉથલો માર્યો છે. આજના કેસો બાદ કુલ કેસોની સંખ્યા ૧,૮૩,૮૪૪ થઇ છે અને કુલ મોતનો આંક ૩,૭૭૯ થયો છે. સમગ્ર રાજયમાં અત્યારે ૧૨,૨૪૫ એક્ટિવ છે. જે પૈકી ૭૪ વેન્ટિલેટર પર અને ૧૨,૧૭૧ સ્ટેબલ છે. આજે થયેલા ૧૩૫૨ ડિસ્ચાર્જ બાદ કુલ ડિસ્ચાર્જનો આંક ૧,૬૭,૮૨૦ થયો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૩-૧૧-૨૦૨૦, શુક્રવાર, નિજ આસો વદ-૧૩, સૂર્યોદય-૬-૫૯, સૂર્યાસ્ત-૬-૦૩, જૈન નવકારશી-૭-૪૭, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત-૧૨-૦૯થી ૧૨-૫૩ સુધી, ૬-૫૯થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૮ સુધી, ૧૨-૩૧થી શુભ-૧૩-૫૪ સુધી, ૧૬-૪૦થી ચલ-૧૮-૦૩ સુધી, ૨૧-૧૭થી લાભ-૨૨-૫૪ સુધી

- શુભ હોરા-

૬-૫૯થી શુક્ર-બધુ-ચંદ્ર ૯-૪૫ સુધી, ૧૦-૪૦થી ગુરૂ-૧૧-૩૬ સુધી, ૧૩-૨૬થી શુક્ર બુધ-ચંદ્ર-૧૬-૧૨ સુધી, ૧૭-૦૮થી ગુરૂની હોરા-૧૮-૦૩ સુધી

# ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૭,૯૦૫ કેસ નોંધાયા, ૫૫૦ના મોત




ન્યુ દિલ્હી,

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૭૯૦૫ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૬૮૩૯૧૬ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૨૭૧૮ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૮૦૬૬૫૦૧ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૪૮૯૨૯૪ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૫૫૦ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૮૧૨૧ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૨.૮૯ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૫૨૦૯૬૭૩૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૮૩૩૪૬ લોકોના મોત નિપજ્યા છે જયારે ૩૩૯૨૪૨૦૮ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૬૮૮૯૧૭૮ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

# દિવાળીના તહેવારને લઈ અમદાવાદ ફાયર વિભાગના કર્મચારીઓની રજા રદ

અમદાવાદ,

દિવાળી પહેલા અમદાવાદ ફાયર વિભાગએ તૈયારીઓ શરૂ કરી છે. ફટાકડાના કારણે આગ ન લાગે તેના માટે એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. ઈમરજન્સીના સમયમાં માત્ર ફાયર કર્મચારીઓને રજા મળશે. તો વળી બીજી બાજુ ફાયર વિભાગના તમામ કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. ચાલુ વર્ષે ઔદ્યોગિક એકમોની આસપાસના વિસ્તારોમાં ફટાકડાથી આગ ન લાગે તે માટે કાળજી રાખવા આયોજન કરાયું.

(પાન નં.૧ નું ચાલુ)

## મોદી સરકારના આત્મનિર્ભર ભારત................

### ૨૬ સેક્ટર્સ માટે ક્રેડિટ ગેરન્ટી સપોર્ટ

આજના રાહત પેકેજમાં સરકારે કોવિડ-૧૯ મહામારીની વચ્ચે સૌથી વધુ નુકસાનનો સામનો કરનારા ૨૬ સેક્ટર્સ માટે ક્રેડિટ ગેરન્ટી સપોર્ટ સ્કીમની જાહેરાત કરી છે.

### ECLGS સ્કીમની અવધિ વધારાઈ

સરકારે ૩ લાખ કરોડ રૂપિયાની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ ની તારીખ વધારીને ૩૧ માર્ચ ૨૦૨૧ કરી દીધી છે. તેઓએ કહ્યું કે આત્મનિર્ભર ભારત હેઠળ ECLGS સ્કીમ હેઠળ ૬૧ લાખ લોકોને લાભ મળશે.

### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના માટે ૧૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત

સરકારે પહેલા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૧૧૬ જિલ્લાઓના પ્રવાસી શ્રમિકોને તેમના રાજ્યમાં રોજગાર આપવાની જાહેરાત કરી હતી. સરકારે તેના માટે ૩૭,૫૪૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો. આ સ્કીમ ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધીની હતી. હવે સરકારે તેમાં ૧૦ હજાર કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

### કોરોના વાયરસ સેક્ટરમાં રિસર્ચ માટે ૯૦૦ કરોડ રૂપિયા

કોરોના વાયરસ સેક્ટરમાં રિસર્ચ કરનારી કંપનીઓને પ્રોત્સાહન આપવા માટે ૯૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. આ રકમ વેક્સીન બનાવવા નહીં પરંતુ જે કંપનીઓ રિસર્ચ કરી રહી છે તેમને આપવામાં આવશે. તેનો ફાયદો બાયો ટેક્નોલોજીની કંપનીઓને મળશે.

### ફર્ટિલાઈઝર સબ્સિડીની જાહેરાત, ૬૫ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ

કૃષિ ક્ષેત્રને રાહત આપવા માટે નાણા મંત્રીએ ફર્ટિલાઈઝર સબ્સિડી ની જાહેરાત કરી છે. સરકારે કહ્યું છે કે ફર્ટિલાઈઝર સબ્સિડી તરીકે તેઓ ૬૫ હજાર કરોડ રૂપિયા આપશે. તેનાથી ખેડૂતોને સસ્તા ભાવે ફર્ટિલાઈઝર ઉપલબ્ધ થઈ શકશે.

### વડાપ્રધાન આવાસ યોજના (શહેરી) માટે ૧૮ હજાર કરોડ રૂપિયાની જાહેરાત

પીએમ શહેરી આવાસ યોજના માટે ૧૮ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેનાથી કુલ ૩૦ લાખ મકાનોને ફાયદો થશે. આ બજેટમાં જાહેર કરવામાં આવેલા ૮ કરોડ રૂપિયાથી વધારાના હશે. તેમાં ૭૮ લાખથી વધુ રોજગારીની તક ઊભી થશે.

(પાન નં.૧ નું ચાલુ)

### વડાપ્રધાન મોદીના કારણે....

વડાપ્રધાન મોદીની નીતિઓથી ભારતની તાકાત તેની નબળાઈ બની ગઈ છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પોતાના ટ્વીટ સાથે એક અહેવાલ પણ ટાંક્યો હતો જેમાં આરબીઆઈએ જણાવ્યું છે કે ચાલુ વર્ષે જુલાઈથી સપ્ટેમ્બરમાં દેશનો જીડીપી માઈનસ ૮.૬ ટકા થવાની સંભાવના છે. આરબીઆઈના મતે ટેક્નિકલ રીતે ભારત ઈતિહાસમાં સૌપ્રથમ વખત દેશનું અર્થતંત્ર મંદીમાં ગરક થયું છે. રાહુલ ગાંધીએ અગાઉ પણ નોટબંધી અને જીએસટી મુદ્દે સરકાર પર નિશાન સાધ્યું હતું. રાહુલે જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટી જેવા પગલાંથી દેશના લોકોને ત્રાસ સહન કરવો પડ્યો. નોટબંધીના ચાર વર્ષ પર કોંગ્રેસે તેના વિરુદ્ધ અવાજ ઉઠાવવા પણ અભિયાન હાથ ધર્યું હતું.

### નિર્માણ અને માળખાકિય સુવિધા સેક્ટરને રાહત

નિર્માણ અને માળખાકિય સુવિધા સેક્ટરની કંપનીઓને હવે કોન્ટ્રાક્ટ માટે પર્ફોમન્સ સિક્યુરિટીના રૂપમાં પથી ૧૦ ટકાને બદલે માત્ર ૩ ટકા રકમ રાખવી પડશે. આ રાહત આવતા વર્ષ એટલે કે ૨૦૨૧ની ૩૧ ડિસેમ્બર સુધી મળશે.

## દૈનિક રાશીફળ

તા.૧૩.૧૧.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- સામાજીક પ્રતિષ્ઠા વધવાની નકારાત્મક વિચારોને ટાળજો વધુ પડતી દોડધામ હીતાવહ નથી. પ્રવાસમાં જાળવવું.

વૃષભ(બ.વ.ઉ.) :- વિદેશ જવાની તક ઉભી થવાની કર્જ લેવાથી દૂર રહેજો પરિવારના સભ્યો સાથે ગેર સમજો ન થાય તેનું ધ્યાન રાખજો.

મિથુન(ક.છ.ઘ.) :- વિચારોમાં પરિવર્તન કરવાની જરૂર છે. ગ્રહોની સ્થિતિ માનસીક તનાવ રખાવે મિલ્કતના પ્રશ્નોથી દૂર રહેજો.

કર્ક(ડ.હ.) :- જીવન સાથી સાથે ગેર સમજો રહે. જેથી દલીલબાજી ટાળજો નોકરીમાં લાભ બદલીના ચાન્સ રહે. પ્રવાસ થાય.

સિંહ(મ.ટ.) :- રોજીંદા કાર્યમાં ધ્યાન આપો ભાગીદારોને સાથ સહકાર દેજો ભાઈ બહેનો સાથે ગેરસમજો ટાળવી.

કન્યા(પ.ઠ.ણ.) :- સામાજીક પ્રતિષ્ઠા બાબત સંઘર્ષ રહેવાનો તમારા નજીકના સભ્યો કે અધિકારીઓ સાથે સુમેળ રાખવો.

તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન કર્મચારી વર્ગનો સહકાર રહેશે. સગાઈ કે લગ્નના કાર્યમાં સફળતા રહે.

વૃશ્ચિક(ન.ય.) :- સમાજમાં પ્રતિષ્ઠા વધવાની સપરિવાર પ્રવાસનું આયોજન થાય. નોકરીમાં અનુકુળતા વધવાની.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- ભાઈ-બહેનો સાથે વ્યવસ્થા બાબત ચર્ચા થાય મિલ્કતની વેચાણ બાબત ઉતાવળ ન કરવી.

મકર(ખ.જ.) :- સગાઈ કે લગ્નના કાર્યમાં અનુકુળતા રહેવાની સંતાનોની પ્રગતિ ગુસ્સાને કાબુમાં રાખજો.

કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારોને સહકાર દેજો ખર્ચ ઉપર કાબુ જરૂરી ભાઈ-બહેનો સાથે મતેભદો ટાળવા.

મીન(દ.ચ.ઝ.) :- વિદેશ જવાની તક મલે. નોકરીમાં બદલી ચાન્સ શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

3 તા.૧૩/૧૧/૨૦૨૦ શુક્રવાર

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# પોણા કરોડને ખર્ચે તૈયાર થયેલી ઉદવહન સિંચાઇ યોજનાની શરૂઆત થતાં સીંગવડના બારેલા-પાલ્લા ગામના ૧૧૦ ખેડૂત પરિવારોને દિવાળી




દાહોદ,

સીંગવડના બારેલા–પાલ્લા ગામના ૧૧૦ ખેડૂત પરિવારો માટે આ દિવાળી ખરા અર્થમાં દિવાળી બની છે. સાંસદ જસવંતસિંહ ભાભોરે પોણા કરોડથી પણ વધુના ખર્ચે તૈયાર થયેલી અને ગામના ૬૬ હેક્ટર એટલે કે ૧૬૩ એકર વિસ્તારને સિંચાઇ માટે પાણી પુરૂ પાડતી ઉદવહન સિંચાઇ યોજનાનું આજે લોકાર્પણ કર્યું છે. આ સિંચાઇ યોજના માટે આશરે ૪.૫ કિ.મી.ની મુખ્ય તથા ડિસ્ટ્રીબ્યુશન પાઇપલાઇનની જાળ પાથરવામાં આવી છે.

ખેતી અને ખેડૂતનું સમૃદ્ધિ માટે સિંચાઇનું બારેમાસ પાણી પહેલી અને મુખ્ય જરૂરીયાત છે. જે બારેલા પાલ્લા ગામના ખેડૂતો માટે પ્રગતિનો નવો પથ કંડારશે. સિંચાઇના પાણીના અભાવે ખેડૂતોને રોજગારી માટે સ્થળાંતર જેવી સ્થિતિનો સામનો કરવો પડે છે અને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે છતાંય તેમની આર્થિક પરિસ્થિતિમાં કોઇ ફર્ક પડતો નથી. ત્યારે ખેડૂતોની આ સમસ્યાને નિવારવા માટે અને છેવાડાના ગામડા સુધી સિંચાઇ યોજનાનો લાભ મળી રહે તે માટે કેન્દ્ર સરકારમાંથી અથાગ પ્રયત્નો દ્વારા ૭૯.૬૮ લાખની ગ્રાંન્ટ મંજૂર કરાવી છે અને અહીંના ખેડૂતોની વર્ષો જૂની માંગને આ સિંચાઇ યોજના થકી પૂર્ણ કરી છે. સીંગવડ ખાતે આવેલું બારેલા પાલ્લા ગામ ભૌગોલિક રીતે પણ ઘણું પ્રતિકુળ સ્થિતિમાં છે. ચોતરફના ડુંગરાળ વિસ્તાર ઉપરાંત એક તરફ જંગલ વિસ્તાર આવેલો છે. બીજી તરફ હડફ જળાશય આવેલો છે પરંતુ તેના પાણીના લાભ ફક્ત કિનારાના ખેડૂતો સુધી જ પહોંચતા હતા. આ સ્થિતિમાં ખેડૂતોને ઘણી પ્રતિકુળતાઓનો સામનો કરવો પડતો હતો. ત્યારે ગામના ૧૧૦ ખેડૂતો તેમની ૧૬૩ એકરની જમીનને સિંચાઇના પાણી મળી રહે એ માટે ૭૯.૬૮ લાખની ઉદવહન સિંચાઇ યોજનાને મંજૂરી આપવામાં આવી અને ફક્ત નવ જ મહિનામાં ૫૫૦ મીટરની મુખ્ય પાઇપલાઇન, ૩૮૯૦ મીટરની ડિસ્ટ્રીબ્યુશન લાઇનની કામગીરી પૂર્ણ કરવામાં આવી. ઉપરાંત આ સિંચાઇ યોજના માટે ૩૬ કુન્ડીઓ, કુલ ૪૫ હોર્સ પાવર માટે ૧૫ હોર્સ પાવરની ત્રણ પંપ મોટર લગાવવામાં આવી છે. આ સિંચાઇ યોજનાની કામગીરી પૂર્ણ થતાં બારેલા–પાલ્લા ગામના ખેડૂતો સાચા અર્થમાં દિવાળી થઇ છે.

દાહોદ જીલ્લામાં કરવામાં આવતી કામગીરીને બિરદાવી હતી. અને ભવિષ્યમાં પણ જીલ્લામાં પણ અનેક કામગીરીઓ કરવા સૂચન કર્યુ. ગામના સરપંચ તથા ખેડુતોના જણાવ્યા મુજબ સિંચાઇ યોજના ન હતી તે પહેલા આ વિસ્તારમાં ખેડુતો ૨૫ % વિસ્તારમાં જ ખેતી કરી શકતાં હતાં જે આ યોજનાની સિંચાઇ સુવિધાથી ૧૦૦ % વિસ્તારમાં ખેતી કરી શકીશુ. તેમજ ગામમાં પહેલુ ખેતી વિષયક વિજ જોડાણ પણ આ યોજના થકી આવેલ છે. તે બદલ પણ ખેડુતોએ સાંસદસભ્ય તથા જળસંપતિ નિગમના અધિકારીઓનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમ્યાન સીંગવડ તાલુકા પ્રમુખ કીશોરી, તાલુકા વિકાસ અધિકારી મકવાણા, જીલ્લા પંચાયતના સભ્યો, આજુ બાજુના ગામોના સરપંચઓ, તાલુકાના અગ્રણીઓ તેમજ જળ સંપતિ નિગમના દાહોદના નાયબ કાર્યપાલક ઈજનેર દેવનાની તથા અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

## ધાનપુર ડભવા ગામેની સગીરાને લગ્નના ઈરાદે લઘુમતિ યુવક ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

ધાનપુર તાલુકાના ડભવા ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને દેવગઢ બારીઆ નગરમાં રહેતો એક લઘુમતિ કોમના યુવકે ૧૭ વર્ષીય સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. દેવગઢ બારીઆ નગરમાં કાપડી વિસ્તારમાં મંચી ફળિયામાં રહેતો ફીરોજભાઈ સત્તારભાઈ ચેમા (મુસ્લીમ) ગત તા.૧૧મી ઓક્ટોબરના રોજ ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ ડભવા ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં ત્રણ અલગ- અલગ સ્થળેથી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં તહેવાર ટાણે જાણે બુટલેગરો તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતાં ઈસમો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. પોલીસે તહેવાર ટાળે વિદેશી દારૂનો ધંધો તેમજ હેરાફેરી કરતાં લોકો ઉપર બાંજ નજર રાખી જિલ્લામાં ત્રણ જુદી જુદી જગ્યાએ પ્રોહી રેડ કરી કુલ રૂા.૮૪,૪૦૦ ના પ્રોહી જથ્થા સાથે વાહનો સાથે ત્રણ બનાવ પૈકી કેટલાની અટક કર્યાનું પણ જાણવા મળી છે.

પ્રોહીનો પ્રથમ બનાવ ગરબાડા તાલુકાના મીનાક્યાર ગામે બનવા પામ્યો હતો જેમાં એક કુઝર ગાડીનો ચાલક પોતાના કબજાની કુઝર ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ગત તા.૧૧મી નવેમ્બરના રોજ મીનાક્યાર ગામે વોચ ગોઠવી ઉભા હતા. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ એક કુઝર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. આ દરમ્યાન કુઝર ગાડીના ચાલકે પોલીસને જોઈ લેતા પોતાના કબજાની કુઝર ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હતો. પોલીસે કુઝર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૫૯ કિંમત રૂા.૨૫,૯૬૦ અને કુઝર ગાડીની કિંમત મળી કુલ રૂા.૫,૨૫,૯૬૦નો મુદ્દામાલ જપ્ત કરી ગાડીના ચાલક વિરૂધ્ધ ગરબાડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસે બનવા પામ્યો હતો જેમાં લાલીયા જુવાનસિંહ મહેડા (રહે.અલીરાજપુર,મધ્યપ્રદેશ) અને ખેલસીંગ નાનકીયા માવી (રહે.અલીરાજપુર,મધ્યપ્રદેશ) આ બંન્ને જણા ગત તા.૧૧મી નવેમ્બરના રોજ પોતાના કબજાની ટાવેરા ગાડી લઈ ભથવાડા ટોલનાકા પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન પોલીસને તેઓ ઉપર શંકા જતાં ગાડી ઉભી રખાવી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૫૭ કિંમત રૂા.૨૯,૬૪૦ અને ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૩૪,૧૪૦ ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત બંન્ને જણાની અટક કરી દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના કરોદા ગામે બનવા પામ્યો હતો જેમાં સાલીયા ગામે કહેતા કનુભાઈ ધનાભાઈ વણકર અને કરોદા ગામે રહેતા કમલેશભાઈ નરવતભાઈ બારીયા પોતે એકબીજાના મેળાપીપણામાં કમલેશભાઈના ઘરે વિદેશી દારૂનો ધંધો કરતા હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે ગત તા.૧૧મી નવેમ્બરના રોજ ઓચિંતી પ્રોહી રેડ પાડતાં ઉપરોક્ત બંન્ને જણા પોલીસને જોઈ નાસી ગયા હતા. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૨૮૮ કિંમત રૂા.૨૮,૮૦૦ નો પ્રોહી જથ્થો જપ્ત કરી ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાયડ્સ મેડિકલ કોલેજની વિવિધ શાખાના વડા તબીબોનું સન્માન કરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોનાથી સંક્રમિત દર્દીઓને સાજા કરવામાં મહત્વપૂર્ણ સાબિત થનારી ઝાયડ્સ મેડિકલ કોલેજમાં કાર્યરત વિવિધ શાખાઓના વડા એવા તબીબોનું આજે જિલ્લા વહીવટી તંત્ર વતી કલેક્ટર વિજય ખરાડી દ્વારા સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

કોરોનાકાળમાં દર્દીઓની સારવાર કરવામાં દિનરાત જોયાવિના કામ કરનારી ઝાયડ્સ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની પરિચારિકાઓથી માંડી સ્વચ્છતાકર્મીઓને પણ પ્રોત્સહન મળે એ રીતે કામ કરવાનું જણાવતા કલેક્ટર ખરાડીએ ઉમેર્યું કે, દાહોદમાં એપ્રિલ માસથી શરૂ થયેલી કોરોના સામેની લડાઇ આજ સુધી શરૂ છે. તેમાં ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સ એવા આરોગ્યકર્મીઓએ એક પણ રજા લીધા વિના કામ કર્યું છે. પોતાના પરિવારની પણ પરવાહ કર્યા વિના આરોગ્યકર્મીઓએ દર્દીનારાયણની સેવા કરી છે. આવા આરોગ્યકર્મીઓની સેવાનું સન્માન કરવાથી તેમને પોત્સાહન મળે છે. એમ કહી કલેક્ટરએ જિલ્લાના તમામ આરોગ્યકર્મીઓને દીપાવલી પર્વની શુભકામનાઓ પાઠવી હતી. ઝાયડ્સ મેડિકલ કોલેજના ડિન સી. બી. ત્રિપાઠીએ કોરોનાકાળમાં જિલ્લા વહીવટી તંત્ર તરફથી મળેલા સહયોગ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રમેશ પહાડિયાએ કાર્યક્રમની ભૂમિકા આપી હતી. કલેક્ટરએ મેડિકલ કોલેજના ડિન સી. બી. ત્રિપાઠી, મેડિકલ સુપરિટેન્ડેન્ટ ડો. ભરત હઠીલા, ડો. પી. ડી. મોદી, ડો. અતુલ, ડો. જય, જનરલ મેનેજર પ્રકાશ પટેલનું આ તકે સન્માન કર્યું હતું.

## ધાનપુર ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ માટે ૧૭ નવેમ્બર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે

દાહોદ,

ધાનપુર ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ સત્ર ૨૦૨૦ અંતર્ગત ખાલી બેઠકો ભરવા માટે ચોથા રાઉન્ડનાં ઓનલાઇન પ્રવેશની કામગીરી તા. ૨/૧૧/૨૦૨૦ થી શરૂ કરવામાં આવી છે અને આગામી તા. ૧૭ નવેમ્બર સાંજના ૬ વાગ્યા સુધી આઇ.ટી.આઇ. ખાતે પ્રવેશ ફોર્મનું રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

ઉમેદવારો પ્રવેશ માટે http://itiadmission.gujarat.gov.in વેબસાઇટ ઉપર ઓનલાઇન ફોર્મ ભરી સંસ્થા ખાતે રૂ. ૫૦ ના રજીસ્ટ્રેશન સાથે જરૂરી પ્રમાણપત્રો સહિત પરત જમા કરાવવાનું રહેશે. જે ઉમેદવારોએ ઓનલાઇન પ્રવેશફોર્મ ભર્યા હોય અને કોઇ કારણસર પ્રવેશવંચિત રહ્યાં હોય તેઓએ અલગથી રજીસ્ટ્રેશન ફી ભરવાની નથી. તેઓએ ઓનલાઇન પ્રવેશફોર્મની રસીદની ફોટોકોપી–નકલ સહિત સંસ્થા ખાતે અરજી કરવાની રહેશે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ તા. ૧૮ નવેમ્બરના પસિદ્ધ કરાશે. સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવાની કાર્યવાહી તા. ૧૯ નવેમ્બરના રોજ યોજાશે. પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોની જાણ સારૂ ધાનપુરની ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં માહિતી આપી છે.

# દેશના જવાનો દુશ્મનોના ઘરમાં ઘૂસીને મારે છેઃ શાહનો ધોરડોમાં હૂંકાર



કચ્છ,

શાહે આજે કચ્છના રણમાં ટેન્ટ સિટીમાં સીમા ક્ષેત્ર પાસે 'વિકાસોત્સવ ૨૦૨૦'નુ ઉદઘાટન કર્યુ. દેશની પાકિસ્તાનને જોડતી પશ્ચિમી સરહદે ભુજ તાલુકાના ધોરડો ખાતે ગૃહમંત્રી અમિત શાહે ત્રણ જિલ્લાના સરહદી ગામોના સરપંચો સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં અમિત શાહે કહ્યુ કે, મા આશાપુરાના આશીર્વાદથી સીમા સુરક્ષિત છે. ઘણા સમય પછી ભુજ આવ્યો છું. કચ્છનું નવુ સ્વરૂપ જોઈ બહુ સંતોષ થયો. સંપૂર્ણ યશ વડાપ્રધાન મોદીને જાય છે. પહેલાં ભુજ પનિસમેન્ટ પોસ્ટિંગ માટે ઓળખાતું હતું. આજે ભુજમાં પોસ્ટિંગ મેળવવા લાઈન લાગે છે. દેશની બધી સીમા પર વિકાસ ઉત્સવ થશે.

આ ઉપરાંત ગૃહમંત્રીએ કહ્યું કે, સીમાવર્તી ગામના નાગરિકોને તમામ સુવિધા મળશે. વિકાસ થવાથી સીમા સુરક્ષિત બની છે. દેશના જવાનો દુશ્મનોને જડબાતોડ જવાબ આપે છે. એટલું જ નહીં દુશ્મનોના ઘરમાં ઘૂસીને મારે છે. સરહદ પર દરેક નાગરિકમાં જાગૃતિ જરૂરી છે. બીએસએફના જવાનો પણ દુનિયાની સૌથી મોટી તાકાત સામે આંખોમાં આંખો નાખીને છાતી કાઢીને જવાબ આપવા સક્ષમ છે.

અમિત શાહે કહ્યું કે, ૫૦ વર્ષમાં સીમાઓ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ જેટલું નથી થયું તેટલું નરેન્દ્ર મોદીની સરકારે ૬ વર્ષની અંદર કામ કરીને સીમાઓને સુરક્ષિત કરવાની જવાબદારી ખુબ સારી રીતે નિભાવી છે. ૨૦૦૮થી ૨૦૧૪ સુધી સીમાઓ પર રોડના રિસરફેસિંગની ઝડપ ૧૭ કિમી હતી અને ૨૦૧૪થી ૨૦૨૦ સુધી ૧૭૦ કિમીથી વધારીને ૪૮૦ કિમી સુધી પહોંચાડવાનું કામ કર્યું છે.

ગૃહમંત્રી અમિત શાહ ગઈકાલે મોડી રાત્રે ભુજ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. તેમણે સર્કિટ હાઉસ ઉમેદભવન ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું. આજે સવારે તેઓ ગુરુવારે સવારે ઉમેદભવનથી ભુજ એરપોર્ટ પહોંચી ત્યાંથી હેલિકોપ્ટરમાં બેસી ધોરડો પહોંચ્યા હતા. અહીં તેઓ પાટણ, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના સરપંચો સાથે સંવાદ કરી પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યુ કે, "આવનારા દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે દૂનિયાનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટ ક્ષમતાનો રિન્યુએબલ પાર્ક આ કચ્છની સરહદ ઉપર આપણે ચાલુ કરવા જઈ રહ્યા છીએ" સરહદ સુરક્ષાને લઈને મુખ્યમંત્રીએ કહ્યુ કે, "સરહદો જાગૃત બનશે, સરહદી ગામો વિકાસશીલ બનશે તો આપણે સુરક્ષિત બનીશું".

## દાહોદ મંડાવાવ રોડ ઉપરથી બાઈક ઉપર પસાર થતાં ઈસમોને બીજી બાઈકના એન્જીન સાથે ઝડપ્યા

દાહોદ,

દાહોદ શહેરના મંડાવાવ રોડ પરથી એક મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા બે વ્યક્તિઓ પોતાના કબજાની મોટરસાઈકલમાં બીજી મોટરસાઈકલનું એન્જીન લગાવી મોટરસાઈકલ ફરાવતાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે બંન્ને જણાને મોટરસાઈકલ સાથે ઝડપી પાડ્યાનું જાણવા મળે છે. ભુરાભાઈ દીતીયાભાઈ બીલવાળ (રહે.લીમડાબરા, તા.દાહોદ,જિ.દાહોદ) અને ઈમરાન ઉર્ફે ફીરોજભાઈ વાહીદભાઈ શીલત (રહે. કસ્બા, મોટાઘાંચીવાડા,દાહોદ) આ બંન્ને જણા પોતાના કબજાની મોટરસાઈકલ પર સવાર થઈ દાહોદના મંડાવાવ ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે, આ મોટરસાઈકલમાં બીજી મોટરસાઈકલનું એન્જીન લાગેલ છે અને ઉપરોક્ત બંન્ને વ્યક્તિઓની અટક કરવા સારૂ પોલીસ મંડાવાવ ગામે વોચ ગોઠવી ઉભી હતી તે સમયે ઉપરોક્ત બંન્ને ઈસમોને મોટરસાઈકલ સાથે ઝડપી પાડી તલસ્પર્શી તપાસ હાથ ધરતાં આ મોટરસાઈકલમાં બીજી મોટરસાઈકલનું એન્જીન હોવાનું પોલીસને જણાઈ આવતાં ઉપરોક્ત બંન્ને વ્યક્તિઓની અટક કરી દાહોદ શહેર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૦૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં શીયાળા ઋતુના આરંભ સાથે જ જાણે કોરોનાએ ફરી માથું ઉચકતાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝીટીવ આંકડાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. આજે ૮ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે આ ૮ પૈકી દાહોદમાંથી જ માત્ર ૬ કેસો સામે આવ્યા છે. આજે ૮ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. જેમાં આર.ટી.પી.સી.આર.ના ૩૭૭ પૈકી ૬ અને ૬૬૦ રેપીટ ટેસ્ટમાંથી ૨ કેસોનો સમાવેશ થાય છે. આ ૮ પૈકી દાહોદમાંથી ૬, લીમખેડામાંથી એક અને ગરબાડામાંથી એક કેસ નોંધાયો છે. આજે વધુ પાંચ દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા લેતાં એક્ટીવ કેસ ૭૬ પર પહોંચી ગયો છે અને અત્યાર સુધી દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૮૯૦ નોંધાવા પામ્યો છે.

## દાહોદના રોઝમ ગામે ઈકો પલ્ટી જતાં ૬ મહિલાઓને ઈજાઓ થતાં એક મહિલાનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના રોઝમ ગામે હાઈવે રોડ પર આજરાજ બપોરના સમયે એક ઈકો ફોર વ્હીલર ગાડી પલ્ટી ખાઈ જતાં અંદર સવાર પેસેન્જરો પૈકી ૬ મહિલાઓને ગંભીર ઈજાઓ થતાં દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હોવાનું તેમજ એક મહિલાનું આ માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યાનું જાણવા મળે છે.

રોઝમ ગામે હાઈવે રોડ પર આજે બપોરના અંદાજે ૨ થી ૩ વાગ્યાના સમયગાળા દરમ્યાન એક પેસેન્જર ભરે ઈકો ફોર વ્હીલર ગાડી જોતજોતામાં પલ્ટી ખાઈ જતાં આ સ્થળે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ગાડીમાં સવાર પૈસેન્જરો પૈકી ૬ મહિલાઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તમામને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા મારફતે નજીકની દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ઘટના સ્થળ પરજ એક મહિલાનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હોવાની પણ ચર્ચાઓ વહેતી થવા પામી છે. ત્યારે પોલીસને પણ આ ઘટનાની જાણ થતાં તાબડતોડ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## પ્રભારી રાજીવ સાતવનું પણ પદ જોખમમાં..! ગુજરાત કોંગ્રેસમાં મોટા ફેરફારની સંભાવના



ગાંધીનગર,

પેટાચૂંટણીમાં હાર બાદ પ્રદેશ કોંગ્રેસમાં કકળાટ શરૂ થયો છે. પેટા ચૂંટણીની તમામ ૮ બેઠકો પર હાર બાદ પ્રભારી રાજીવ સાતવને હાઈકમાન્ડે ઠપકો આપ્યો છે. દિવાળી બાદ પ્રદેશ કોંગ્રેસમાં ધરખમ ફેરફારોના સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. જે રીતે કોંગ્રેસના સૂપડા સાફ થયા છે તે જોતા વિધાનસભા વિપક્ષ નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા બદલવાનું નક્કી છે.

તો પ્રભારી રાજીવ સાતવનું પણ પદ જોખમમાં મુકાયુ છે. ઉલ્લેખનીય છે કે પેટાચૂંટણીની તમામ ૮ બેઠકો પર સિનિયર નેતાઓને જવાબદારી સોંપાઈ હતી. પરંતુ આ સિનિયર નેતાઓ ૮ બેઠક પર નિષ્ક્રિય રહ્યા હતા. આવામાં વિપક્ષ નેતા પરેશ ધાનાણી, હાર્દિક પટેલ અને અમિત ચાવડા પાસે પાર્ટી શુ જવાબ માંગે છે તેની પર પણ સૌની નજર મંડાયેલી છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ.ગાંધીનગર,**
**જાહેર નિવિદા નં.૦૮ સને ૨૦૨૦-૨૧**
**ટેન્ડર આઈ.ડી.નં. ૪૩૪૯૨૯**

ડીટીએચ બોર શારકામનું રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદાર/ગુજરાત રાજયના બાંધકામ ખાતાના માન્ય યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડ, પર, પાટીદાર સમાજઘર, મોડાસારોડ, લુણાવાડા જી.મહીસાગર ફોન ૦૨૬૭૪–૨૫૦૦૧૦ દ્વારા મહીસાગર જીલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકાના વિવિધ ગામોમાં પંચાયત અથવા ઈરીગેશન ના તળાવોમાં રીચાર્જીંગ પ્રોગ્રામ હેઠળ ૧૬૫ મી.મી. વ્યાસના ૨૫ મીટર ઉંડાઈના બોર શારકામ કરી (૬ નંગ–એક યુનિટમાં) અને બોર બ્લાસ્ટીંગ કરી આપવાની કામગીરીના કુલ–૧૦૧ યુનિટની અંદાજીત રકમ રૂ.૫૯.૩૧ લાખ માટે ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડાઉન લોડ અપલોડ, કરવાની છેલ્લી તા.૦૭/૧૨/૨૦૨૦ ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપરથી મળશે. વધુ વિગતો તથા હવે પછીના સુધારા/વધારા માટે વેબ સાઇટ www.nprocure.com/ ઉપર જોવી.
ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડ ના હેલ્પલાઇન નં.૧૯૧૬ ઉપર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

કાર્યપાલક ઈજનેર,
જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ
લુણાવાડા

જિમાક/ગોધરા/૫૧૫/૨૦૨૦

**લુણાવાડા નગરપાલિકા, લુણાવાડા**
**"લુણાવાડા નગરપાલિકા ને ODF++ તરીકે નગરપાલિકા જાહેર કરવા જોગ"**
**પ્રતિભાવ સૂચનો મંગાવવા બાબતે/મુદ્દાઓ/**

લુણાવાડા નગરપાલિકાની જાહેર જનતા ને આથી સૂચિત કરવામાં આવે છે કે, લુણાવાડા નગરપાલિકા દ્વારા ODF++ જાહેર કરવા સારૂ નગરપાલિકાના વોર્ડ કાઉન્સીલર, વોર્ડ સર્કલ ઇન્ચાર્જ તેમજ નાગરિક સમૂહના પ્રતિનિધિઓના ઘોષણાપત્ર મેળવવામાં આવેલ છે. તેમજ લુણાવાડા નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા સારૂ પ્રાથમિક ઠરાવ કરવામાં આવેલ છે, સદર બાબતે લુણાવાડા નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા પ્રતિભાવ/મુદ્દાઓ/સૂચનો દિન–૧૫ (પંદર)માં લુણાવાડા નગરપાલિકા કચેરીએ લેખિતમાં રજૂઆત કરવા વિનંતી છે.

સ્થળ : –લુણાવાડા,
તા.૧૦/૧૧/૨૦૨૦

| | |
|---|---|
| પ્રણવ એ. ચૌધરી | બિન્દ્રાબેન એમ. શુકલ |
| ચીફ ઓફિસર | પ્રમુખ |
| લુણાવાડા નગરપાલિકા | લુણાવાડા નગરપાલિકા |

જિમાક/ગોધરા/૫૧૪/૨૦૨૦

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 72

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## આગામી તા.૨૩મી થી શાળાઓ ખોલવા સામે વિરોધ

# પંચમહાલમાં કોરોનાનું સંક્રમણ ફેલાઈને જોખમ વધવાની ચિંતા કરતા વાલીઓ

- માર્ચ માસથી ધો.૯ થી ૧૨ની શાળાઓ બંધ છે.
- આઠ માસથી વિદ્યાર્થીઓએ ઓનલાઈન શિક્ષણ મેળવ્યું.
- હજૂય કહેર ઘટ્યું નથીને શાળાઓ ખોલવાનો સરકારના ફતવાથી મિશ્રણ લાગણી.
- બાળકોને શાળાએ મોકલવા કે નહીં તે બાબતે વાલીઓમાં અવઢવ.
- અમેરિકામાં વિદ્યાર્થીઓમાં કોરોનાનું સંક્રમણ ફેલાતા પુનઃશાળા કોલેજો બંધ કરાઈ.
- પંચમહાલના ગ્રામ્ય વિસ્તારો સુધી કોરોનાનો પંજો વાગેલો છે.
- સોશ્યલ ડિસ્ટન્સ નહી જળવાઈને એકપછી એક વિદ્યાર્થીઓને ચેપ પ્રસરવાની ભિતિ.
- કોરોનાનું જોખમ વધવાની શકયતાઓ સેવાઈ રહી છે.
- વિવિધ શાળાઓમાં અંદાજીત ૫૦ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.
- વાલીઓ કે શિક્ષણશાસ્ત્રીઓ સાથે પરામર્શ નહી કરાયાના આક્ષેપ.
- જો શાળાઓ ખુલશે તો આરોગ્ય ઉપર જોખમ તોળાઈને આત્મઘાતી પગલું ગણાશે.
- સરકાર વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યાની ખાતરી કાંતો નિર્ણય પરત લેવા વાલીઓની માંગ.

ગોધરા, હજૂય પંચમહાલ સહિત ગુજરાતભરમાં કોરોનાકાળની મહામારી ચાલતા નિતનવા કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે ધો.૯ થી ૧૨ની શાળાઓ તા.૨૩મી થી શરૂ કરવાની જાહેરાતના પગલે પોતાના વ્હાલ સોંયા સંતાનોને સંક્રમણ ફેલાવવાનુ જોખમ વધવાની શકયતાઓને પગલે કેટલાક વાલીઓમાં કચવાટ પ્રવર્તિને શાળાએ મોકલવા કે નહીં તદ્દઉપરાંત સરકાર જવાબદારી લેશે કે નહીં. તેવા તર્કો વચ્ચે અશમંજશ વ્યાપી છે. અત્રે નોંધનીય છે કે સમગ્ર પંચમહાલ જીલ્લામાં ૫૦ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર છે.

ગત માર્ચ માસથી ગુજરાતભરમાં કોરોનાની મહામારીના પગલે લોકડાઉન જાહેર કર્યું હતું. તબકકાવાર કોરોનાનું સંક્રમણ અટકવાને બદલે વધતુ જતા સતત ચિંતીત સરકારે લોકડાઉનની મુદ્દત વધારતા ગયેલા છે. આજે દિવાળીના તહેવારોનો અને લોકડાઉનમાં આઠ થી નવ માસ જેટલા સમયે પણ સંક્રમણ યથાવત જણાઈ રહ્યું છે. જૂન માસમાં સામાન્ય રીતે કે.જી. થી લઈને કોલેજ–મહાલોકમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈને શૈક્ષણિકકાર્ય પણ ધમધમતું બને છે. પરંતુ લાંબો સમય પસાર થતા છતાં હજૂ શાળા–કોલેજ શરૂ થઈ નથી. હજૂ પ્રવેશના પણ કોઈ ઠેકાણા નથી અને ઉપર પાસ ગણીને સીધો પ્રવેશ આપવાનું નકકી થયેલ છે. બીજી તરફ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભણતર શરૂ કરી દીધેલ છે. ત્યારે સરકારે અઠવાડિયા– દશ દિવસ બાદ એટલે તા.૨૩ નવેમ્બર થી શાળાઓ ધો.૯ થી ૧૨ના વર્ગો ખોલવાની જાહેરાત કરવામાં આવવાને પગલે વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં મિશ્ર પ્રત્યાઘાત સાંપડયા છે. ગોધરા, શહેરા, કાલોલ, હાલોલ, મોરવા, ઘોઘંબા, જાંબુઘોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો સુધી આશરે ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ હોવાની સંભાવનાઓ છે. ત્યારે વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં સરકારના નિર્ણયને વિરોધ કરતાં દલીલો કહી રહ્યા છે કે હજૂ ગુજરાતમાં અને પંચમહાલમાં કોરોનાનો કહેર ઘટયો નથી. નિતનવા નવા કેસો શહેરો બાદ ગ્રામ્ય વિસ્તારો સુધી પોતાનો વિકરાળ પંજો મારી રહ્યો છે. આવામાં નાના બાળકોને સંક્રમણનો ચેપ જલ્દી લાગુ જવાની શકયતાઓ છે. આવા કુમળી વયના બાળકો વર્ગમાં બેસતા કોરોનાનો ચેપ ઝડપથી લાગુ પડવાની ભીતી તબીબી વૈજ્ઞાનિકો જણાવી રહ્યા છે. અમેરિકામાં લોકડાઉન હળવું કરીને શાળા–કોલેજો ખોલવામાં આવતા મોટી સંખ્યામાં કોરોનાની ઝપેટમાં આવીને નિર્દોષ વદ્યાર્થીઓ ભોગ બનતા ટ્રમ્પ સરકારના માથે માછલા ધોવાઈને મોટાભાગના વિસ્તારોમાં પુનઃશાળા–કોલેજ બંધ કરાવીને ઓનલાઈન શિક્ષણકાર્ય શરૂ કરી દેવાતા હાલ વિદ્યાર્થીઓના સંક્રમણ ઘટી ગયું છે. દુનિયાભરના અનેક સ્થળો એ કોરોનાના ડરથી શાળા–કોલેજો બંધ રખાઈ છે. ત્યારે ગુજરાત સરકારે કોરોનાના કાળમાં ફતવો જાહેર કરીને વાલીઓ તથા આરોગ્ય વિભાગ સાથે પરામર્શ કર્યા વિનાના સમાજમાં ઉગ્ર વિરોધ વંટોળ જન્મ્યો છે.

શહેરી વિસ્તારોમાં મોટેભાગે છ માસ જેટલો સમયમાં શાળા–કોલેજ બંધ રાખીને વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભણતર શરૂ કરી દઈને પ્રથમ સત્રનો અભ્યાસક્રમ પૂર્ણ કરીને કેટલીક શાળાઓએ ઓનલાઈન પરીક્ષા લઈને પરિણામ પણ આપી દીધા છે. ત્યારે કોરોના કાળમાં શાળાઓ ખૂલશે તો સોશ્યલ ડિસ્ટન્સ નહી જળવાઈને એકપછી એક હાલમાં શરૂ થતાં શિયાળાની બેવડી ઋતુમાં સંક્રમણ વધી જવાની ભીતિ નકારી શકાય તેમ નથી. આ નિર્ણયને પગલે બાળકોના જીવ સાથે ચેડા થવાની વચ્ચે સુરક્ષા સામે અનેક પ્રશ્નાર્થે ઊભા થયા છે. આથી સરકારનું પગલું આત્મઘાતી પુરવાર થાય તે પૂર્વે શિયાળું પૂરતી શાળાઓ બંધ રાખવાની વાલીઓ માંગ કરી રહ્યા છે. આથી પુનઃ વિચારણા કરીને બાળકોનું હિત અને આરોગ્યની દ્રષ્ટિ એ ગાઈડ લાઈન પ્રમાણે શાળાઓ ખોલવી હિતાવહ નથી હવે શું સરકાર નિર્ણય લેશે?

## સુખસર વિસ્તારના નાગરીકોને લોન આપવાના બહાને છેતરપીંડી કરતાં ત્રણ ઈસમોની ધરપકડ



ગોધરા, પંચમહાલ– ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ. ભરાડા નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. જે.એન.પરમાર, આર.આર.સેલ પો.ઈન્સ. એ.વી.રાઠવા તથા પંચમહાલ સાયબર ક્રાઈમને બાતમીદારથી બાતમી મળેલ કે સુખસર પોલીસ મથકના ગુનામાં લોન આપવાના બહાને રૂ . ૩,૮૪,૦૦૦ / – ની છેતરપીંડી કરનાર આરોપીઓ ફરીયાદી થતા સાહેદો પાસે લોનની પ્રોસેસ ફી પેટે નાણા લેવા માટે ગોધરા પરવડી ચોકડી ઉપર અલ્ટો ગાડી નં.જી.જે .૦૧, એચ.આર. ૨૮૧ ૨ નાની લઈને આવનાર છે. જે બાતમી હકીતક આધારે વોચમાં રહી બાતમી મુજબના વર્ણનવાળી ગાડીમાંથી ત્રણ ઈસમો ઉતરેલ અને સાહેદો પાસે પૈસા લેતાં કોર્ડન કરી ત્રણ ઈસમોને પકડી તેઓના નામઠામ પુછતાં (૧) વાળંદ નિતેષકુમાર ચીમનભાઈ રહે. ધારાપુર, તા. શહેરા , જી. પંચમહાલ મો.નં. ૭૦૯૬ ૪ ૪૪૬૪૦ (૨) બામણીયા ચન્દ્રકાન્ત રમેશભાઈ રહે. તાડવા, તા. શહેરા, જી.પંચમહાલ, મો.નં, ૬૩૫૫૫૦૭૯૮૫૩ તથા ગાડીનો ચાલક (૩) સોલંકી પ્રતિપાલસિંહ મદનસિંહ રહે . ધારાપુર , તા.શહેરા, જી. પંચમહાલ નાઓ હોવાનું જણાવેલ અને પકડાયેલ ઈસમો આજુબાજુના ગામોમાં પૈસાની જરૂરીયાતવાળા ઈસમોને લોનના નામે ફોન કરી ગોધરા બોલાવી નોટરી કરાવી એક ગ્રાહક દીઠ લોનની પ્રોસેસ ફી રૂ . ૪૬૦૦૦/ – મેળવી પોતાના મોબાઈલ ફોનમાં VCREDIT એપ્લીકેશન ડાઉનલોડ કરી લોન મંજુર થયા અંગેના મેસેજ કરી નાગરીકોને લોન નહી આપી છેતરપીંડી કરેલ હોવાની કબુલાત કરેલ હોય, જેથી પકડાયેલ ત્રણ ઈસમોને ગુન્હો કરવામાં પૈકી લોનના પૈસા માટે ફોન કરનાર મો.નં. ૭૦૯૬૪૪૬૪૦ નો ઉપયોગ કરનાર ઈસમ વાળંદ નિતેષકુમાર ચીમનભાઈ નાઓની પુછપરછ કરતાં પોતે તથા વસોણીયા અલ્પેશભાઈ દલસીંગભાઈ રહે . ખાતરપુરના મુવાડા, દાહોદ નાઓ સાથે મળી સુખસર, ફતેપુરા તથા વપરાયેલ મોબાઈલ તથા અલ્ટો ગાડી સાથે અટક કરી સુખસર પો.સ્ટે. સુપ્રત કરવામાં આવેલ છે. સદર ગુન્હાની આગળની તપાસ સુખસર પો.સ્ટે. ખાતે ચાલુ છે. જો આ રીતે અન્ય કોઈ નાગરીક સાથે લોન આપવાના બહાને છેતરપીંડી થયેલ હોય તો સુખસર પો.સ્ટે.નો સંપર્ક કરશો.

### પકડાયેલ આરોપીઓ

(૧) વાળંદ નિતેષકુમાર ચીમનભાઈ રહે . ધારાપુર, તા. શહેરા, જી . પંચમહાલ મો.નં. ૭૦૯૬૪૪૬૪૦ (૨) બામણીયા ચન્દ્રકાન્ત રમેશભાઈ રહે . તાડવા, તા. શહેરા, જી.પંચમહાલ, મો.નં. ૬૩૫૫૫૦૭૯૮૫૩ તથા ગાડીનો ચાલક તથા (૩) સોલંકી પ્રતિપાલસિંહ મદનસિંહ રહે. ધારાપુર, તા.શહેરા, જી. પંચમહાલ.

## શહેરાના ઉજડા ગામેથી દારૂનો જથ્થો ઝડપ્યો

શહેરા, શહેરા તાલુકાના ગામે રહેતા ઈસમે પોતાના કબ્જાના મકાનમાં ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૩૪ કિંમત ૩૪૦૦/– રૂપીયા જથ્થો ઝડપાઈ જતાં શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ઉજડા ગામે રહેતા ભલાભાઈ ઉર્ફે ભલો ભોઈ પોતાનાા ઘરમાં દારૂનો જથ્થો રાખી વેચાણ કરતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ–૩૮ કિંમત ૩૪૦૦/–રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કોરોનાને પગલે રાજ્યમાં પેરામેડિકલ સ્ટાફની દિવાળી રજાઓ કરાઈ રદ

ગાંધીનગર, કોરોનાને પગલે સરકારે રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજો તેમજ સંલગ્ન હોસ્પિટલો અને ગવર્મેન્ટ ઓટોનોમસ ઈન્સ્ટિટયુટસમાં વર્ગ ૧ અને ૨ના શૈક્ષણિક સંવર્ગના અધિકારીઓનું દિવાળી વેકેશન રદ કર્યુ છે. આજે આરોગ્ય વિભાગ દ્વારા તમામ કોલેજો-સંસ્થાઓના વડાઓને પરિપત્ર કરી દિવાળી વેકેશન રદ કરવાની સૂચના આપી દીધી છે. જેથી દિવાળીની રજાઓ દરમિયાન સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરો દર્દીઓની સેવામા ખડે પગે રહેશે. ગુજરાત યુનિ.સહિતની સરકારી યુનિ.ઓ દ્વારા સંલગ્ન મેડિકલ કોલેજો-સંસ્થાઓને ટીચિંગ સ્ટાફ માટે બે તબક્કામાં એક મહિના જેટલુ દિવાળી વેકેશન આપી દેવાયુ હતુ.

પરંતુ અમદાવાદની બી.જે મેડિકલ કોલેજ દ્વારા સંલગ્ન હોસ્પિટલમાં ફરજ બજાવતા પ્રોફેસરો-ડોક્ટરો માટે વેકેશન અપાયુ ન હતુ.જ્યારે કેટલીક સંસ્થાઓએ વેકેશન આપી દીધુ હતુ.જેને પગલે વિવાદ પણ થયો હતો. બીજી બાજુ મેડિકલ ટીચર્સ એસોસિએશન દ્વારા સરકારને રજૂઆત કરી દિવાળી રજાઓ આપવા માંગ કરાઈ હતી. પરંતુ કોરોનાના કેસો વધી રહ્યા હોઈ અને બીજી બાજુ દિવાળી વેકેશન દરમિયા પ્રાઈવેટ હોસ્પિટલો-દવાખાનાઓમાં ડોક્ટરો ન મળવાની સ્થિતિમાં સરકારી હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો વધે તેમ છે.

## મંત્રી મંડળ સેવા ટ્રસ્ટ-આણંદ દ્વારા જરૂરિયાત ધરાવતા લોકોને દિવાળીના ઉત્સવમાં ખાદ્ય સામગ્રીની ભેટ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, મૈત્રી મંડળ સેવા ટ્રસ્ટ– આણંદ દ્વારા સમાજમાં નાની મોટી જરૂરિયાત ધરાવતા હોય તેવા લોકો માટે મોટા પ્રમાણમાં સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ત્યારે ઘોઘંબા તાલુકાના પાલલા, સવાપુરા, બેસણા ફળિયા, દુધાપુરા, નંદપુરા, ઘોઘંબા, દાતોલ જેવા વિવિધ ગામમાં દિવાળીના પર્વ નિમિત્તે ૫૦ જેટલા પરિવારોને મીઠાઈ, તેલ, દાળ, ચોખા, ચણા, મેંદો, મોરસ, વટાણા જેવી ૧૨ જેટલી સામગ્રીની કીટ બનાવી દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશભાઈ પટેલ દ્વારા ઘરે ઘરે પહોંચીને વિતરણ કરવામાં આવેલ છે. આ સાથે સાથે પ્રમુખ સ્વીટ ભાવનગરી ઘોઘંબા દ્વારા ૫૦ પેકેટ મીઠાઈ આપવામાં આવેલ છે.

કેટલાક લોકોનો પરિવારિક સમસ્યાઓના લીધે નાની મોટી તકલીફો ઘરમાં રહેતી હોય છે. ત્યારે આવી જરૂરિયાત ધરાવતા લોકો માટે તહેવારોમાં યાદ કરીને સામગ્રી પહોંચાડવા બદલ સૌએ આશીર્વાદ આપ્યા હતા. શિક્ષક કિશોરભાઈ એ પણ કીટો પહોંચાડવા માટે સહકાર આપ્યો હતો.

## હાલોલ મઘાસર ગામે હાઈવે રોડ ઉપરથી રૂા.૧,૩૯,૬૪૦/- નો પ્રોહી મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયા



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, હાલોલ તાલુકાના મધાસર ગામે હાઈવે રોડ ઉપર ધુવડ નાળા પાસેથી અન્ય શકિતમાં દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરી રીક્ષા છકડો ઝડપી પાડયો હતો. ચેકીંગ કરતા ઈંગ્લીશ દારૂ કિંમત ૫૯,૬૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

જીલ્લામાં દારૂ ની અસામાજિક પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ આપેલ સુચના આધારે ના.પો.અધિ. એચ.એ.રાઠોડ, હાલોલ વિભાગ હાલોલ સર્વેલન્સ સ્ટાફ ના પોલીસ માણસો એ રીતે ના પો.સ્ટે . ખાતે હાજર હતા. તે દરમ્યાન ખાનગી રાહે ચોકકસ બાતમીદારથી બાતમી હકીકત મેળવેલ કે એક અતુલ શકિત છકડો રિક્ષા નંબર GJ 07 AT 0104 માં બે ઈસમો ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ભરી ને મલાવ બાજુ થી હાલોલ તરફ હાઈવે રોડ ઉપર આવી રહેલ છે. એવી બાતમી આધારે બે પંચો ના માણસો સાથે સરકારી તથા ખાનગી વાહનમાં બેસી ઉપરોક્ત બાતમી વાળો અતુલ શકિત છકડો રિક્ષા નંબર GJ 07 AT 0104 ની વોચ તપાસમાં રહેવા મધાસર ગામે હાઈવે રોડ ઉપર જવા સારૂ નીકળેલ હતા. દરમ્યાન મધાસર ગામે હાઈવે રોડ ઉપર ધુવડ નાળા પાસે જતાં ઉપરોક્ત છકડો રિક્ષા આવતો જણાયેલ અને તેમાં બે ઈસમો બેઠેલ હતા અને દૂરથી પોલીસ ની ગાડી જોઈ જતાં ઉપરોક્ત ઈસમોએ પોતાનો છકડો રોડ ની બાજુમાં ઊભો કરી ને બંને ઈસમો નાસવા લાગેલ તેમનો પીછો કરી બને ઈસમને પકડી લીધેલ અને પંચો રૂબરૂ સદર અતુલ શક્તિ છકડો રિક્ષા નંબર GJ 07 AT 0104 ની અંદર જોતા તેની પાછળના ભાગમાં ત્રણ પ્લાસ્ટિકના મીણિયાં થેલાઓમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની પ્લાસ્ટિકની છૂટી બોટલો નંગ – ૭૨, ની કિંમત રૂ. ૨૬,૨૮૦ / – તથા ૧૮૦ મી.લી. ના કાચના ક્વાટરિયા લંડન પ્રાઈડ છૂટા નંગ–૬ ની કિમત રૂપિયા ૧૦,૫૬૦ / – તથા ભારતીય બનાવટની માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોન્ગ બીયરના ટીન છૂટી નંગ –૨૪૦ કીમત રૂ . ૨૨,૮૦૦ /– નો મળી કુલ બોટલો તથા ક્વાટરિયા તથા ટીન બીયર મળી કુલ નંગ – ૪૦૮, ની કુલ કી.રૂ. ૫૯,૬૪૦ /– નો તથા અતુલ શક્તિ છકડો રિક્ષા નંબર GJ 07 AT 0104 ની આશરે કિમત રૂ. ૮૦,૦૦૦ / – ની મળી કુલ કી. રૂ. ૧,૩૯,૬૪૦ / – નો પ્રોહી મુદામાલ ઝડપી પાડી આગળની વધુ કાર્યવાહી હાથ ધરેલ છે .

## ગોધરા ખાતે સ્વાસ્થ્ય જાગૃતા અને પોષણ વિષય પર કાર્યશાલા યોજાઈ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પંચમહાલ, લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા અને એસ.એસ.જી.સી ટ્રસ્ટના અંતર્ગત સંચાલિત સહેલી પરિયોજના ના સંયુક્ત માધ્યમ થી તારીખ ૧૧.૧૧.૨૦૨૦ ના રોજ કિશોરિયોં મટે પોષણ અને સ્વાસ્થ્ય જાગરૂકતા વિષય પર ‘‘કાર્યશાલા’’નું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ની પ્રધાન ડો. કનક લતા એ કિશોરીઓને પોશણ અને વ્યકિતગત સ્વચ્છતા વિશેની જાણકારી આપી ગોધરાના સુપ્રસિદ્ધ સ્ત્રી રોગોના નિષ્ણાંત ડો. સુજાત વલીએ કિશોરાવસ્થામાં થતી સ્ત્રી જન્ય રોગોં વિશે મોડેલના માધ્યમથી જાનકારી આપી કાર્યક્રમમાં બધી કિશોરિઓને માસ્ક, સેનેટર પૈડ, પોષણ સંબંધિત આલેખ તેમજ પોષણ આહાર પ્રદાન કરવામાં આવ્યો. સહેલી સંસ્થા ની તન્વી દલવાડી એ પણ કિશોરિયોં ને માસિક ધર્મ વખતે રાખવામાં આવતી સાવધાનિઓ, સેનેટરી પૈડ નો ઉપયોગ વગેરે વિશે માહિતી આપવામાં આવી.

## કાલોલ ગધેડી ફળીયાની મોબાઈલ દુકાન માંથી ચોરી કરેલ પાંચ મોબાઈલ સાથે એક ઈસમને ઝડપ્યો

કાલોલ, કાલોલ ગધેડી ફળીયામાં આવેલ મોબાઈલની દુકાનને રાત્રીના સમયે તસ્કરો એ નિશાન બનાવી હતી. શટરના તાળા તોડી મોબાઈલ ફોનની ચોરી કરી હતી. ચોરી કરેલ મોબાઈલ નંગ–૫ સાથે બે આરોપીઓને પોલીસે ઝડપી પાડયા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ ગધેડી ફળીયામાં આવેલ ઓનેસ્ટ મોબાઈલની દુકાનને બે ઈસમો નિશાન બનાવી હતી. દુકાનના શટરનું તાળું તોડી દુકાનમાં પ્રવેશ કર્યો હતો અને દુકાનમાં રીપેરીંગમાં આવેલ ૫ નંગ મોબાઈલ કિંમત ૧૦,૦૦૦/–રૂપીયા તથા હુસેનભાઈની દુકાનમાંથી ૧ મોબાઈલ ફોન તથા ચાર નવા કીપેડવાળા મોબાઈલ કિંમત ૭,૦૦૦ /– રૂપીયા મળી ૧૭,૦૦૦/– રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી હતી. મોબાઈલ ફોનની ચોરી કરનાર મુસ્તફીમ મહમંદ હુસેન ચોરીના ૫ મોબાઈલ સાથે કાલોલ પોલીસે ઝડપી પાડવામાં આવ્યા. જયારે આરીફ આટલ તથા નિક્ષિત વિજય સોનીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના કબીરપુર ગામની ૨૨ વર્ષીય મહિલા ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડાઈ

ગોધરા, ગોધરા તાલુકાના કબીરપુર ગામે રહેતી ૨૨ વર્ષીય પરણિતાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કબીરપુર ગામે રહેતા ઉર્મિલાબેન વિષ્ણુભાઈ પરમાર ઉ.વ.૨૨ એ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં તેઓને સારવાર અર્થે ગોધરા ખસેડવામાં આવ્યા. ગોધરા ખાનગી હોસ્પિટલમાં તબીયત સ્થિર હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.